મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા
ગાંધીનગર તાપમાન

આજે દેવઉઠી અગિયારસ : તુલસીવિવાહનો વિશેષ મહિમા

તુલસીવિવાહ સાથે જ લગ્નસરાની નવી સિઝન શરૂ

ગાંધીનગર, તા. ૧૩

આજે કારતક સુદ અગિયારસ જે દેવઉઠી અગિયારસ તરીકે ઓળખાય છે. શહેરભરમાં મંદિરોમાં તુલસીવિવાહ ઉજવાય છે. હિન્દુ ધર્મમાં તુલસીવિવાહનું વિશેષ મહત્વ છે. આ દિવસે ભગવાન વિષ્ણુ સહિત તમામ દેવગણ ચાર મહિનાના યોગ નિંદ્રામાંથી બહાર આવે છે.

કારત સુદ અગિયારસ એટલે તુલસીવિવાહ. વર્ષના શુભારંભે તુલસીમાતાના વિવાહ ભગવાન વિષ્ણુ સાથે થયા. આ પ્રસંગમાં આ તહેવાર ધામધૂમથી ઉજવાય છે. તુલસીવિવાહને બીજા પણ ઘણા નામોથી ઓળખવામાં આવે છે અને રાજસ્થાનમાં તેને 'બટુઆ ફિરાના-પાકીટ ફેરવવુ' કહેવામાં આવે છે. તુલસીવિવાહ કરવા સાથે એક પૌરાણિક કથા જોડાયેલી છે. કહેવામાં આવે છે કે વૃંદા નામની એક પતાવ્રતા સ્ત્રીને ભગવાન વિષ્ણુ સાથે લગ્ન કરવાનું વરદાન મળ્યું હતું. લગ્ન માટે વૃંદાએ યુવતીનું સ્વરૂપ લીધું હતુ અને વિષ્ણુજીએ શાલીગ્રામનું સ્વરૂપ લીધું હતું. ત્યારબાદ તુલસી અને શાલીગ્રામના લગ્ન થયા હતા. તુલસીના લગ્ન સાથે જ મુંડન, ઉપનયન સંસ્કાર, લગ્ન જેવા શુભ કાર્યની શરૂઆત પણ થાય છે. વિક્રમ સંવત ૨૦૭૮માં લગ્ન માટેના કુલ ૫૪ શુભ મુહૂર્ત છે. તુલસીવિવાહ સાથે જ લગ્નસરાની નવી સિઝન શરૂ થશે. આ દિવસથી ફરી વિષ્ણુજી બ્રહ્માંડનું સંચાલન સંભાળે છે. તેથી આ દિવસથી લગ્ન અને શુભ કાર્ય શરૂ થાય છે. ભગવાન શાલીગ્રામ ભગવાન વિષ્ણુના આઠમા અવતાર શ્રીકૃષ્ણનું રૂપ છે. માનવામાં આવે છે કે જે ઘરમાં તુલસીની પૂજા થાય છે તે ઘરમાં ક્યારેય પણ ધન-ધાન્યની ઉણપ આવતી નથી. કહેવાય છે કે બ્રહ્મવૈયર્ત પુરાણો અનુસાર તુલસી શંખચૂડ નામના અસૂરની પત્નિ હતી. તુલસીના સતીત્વને કારણે દેવો અસુરને મારી શક્યા નહિ ત્યારે આ પરંપરા શરૂ થઈ હતી. ભગવાન વિષ્ણુ શંખચૂડનું સ્વરૂપ બનીને તુલસીનું સતીત્વ ખંડિત કરે છે આ પછી ભગવાન શિવ શંખચૂડને મારી નાખે છે. જ્યારે તુલસીને આ ખબર પડી ત્યારે તેઓ ભગવાન વિષ્ણુને પથ્થર બનવા માટે શ્રાપ આપ્યો. ભગવાન તુલસીના શ્રાપને સ્વીકારી અને કહ્યું કે તમે પૃથ્વી પર છોડ અને નદીઓ તરીકે રહેશો. ભગવાન વિષ્ણુને નદીના શાલિગ્રામ ભગવાન માનવામાં આવે છે.

આ વર્ષે બે બારસ હોવાથી ઉત્તર ભારતમાં બારસના દિવસે સોમવારથી દેવ દિવાળીનો ઉત્સવ ઉજવાશે. ત્યારે આજે શહેરમાં તથા ગામેગામ તુલસી વિવાહનો પ્રસંગ અનેરા ઉલ્લાસ સાથે ઉજવાશે. તુલસી પૂજા માટે શેરડી ખરીદારો અને ઘરમાં તુલસી પૂજા કરાશે. ઉત્તર ભારતમાં આ ઉત્સવ પાંચ દિવસ સુધી ઉજવાય છે અને કારકતી પુનમના દિવસે દેવદિવાળી મનાવવામાં આવે છે.

જન્મદિને વધામણી

નિધિ જી. પરમાર



મોહંમદ સફાન સાકીરહુસેન દિવાન

પૂજા એસ કાન્ત
મો. ૯૭૧૪૬ ૨૦૮૮૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સચિવાલય આહીર પરિવારનું ગેટ-ટુ-ગેધર યોજાયું

સચિવાલય સંવર્ગમાં આહીર સમાજના નવા આવેલા નાયબ સેકશન અધિકારીઓને આવકારવા તેમજ નવા વર્ષ નિમિત્તે સચિવાલય સંવર્ગમાં ફરજ બજાવતાં આહીર સમાજના કર્મચારી/અધિકારીઓનું નવા વર્ષનું ગેટ-ટુ-ગેધર યોજાઇ ગયું. જેમાં નવા સચિવાલયમાં ફરજ બજાવતાં તમામ કર્મચારી/અધિકારીઓએ હાજરી આપી હતી.

મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં જોડાઈ-ચકાસવા જાહેર અપીલ

ગાંધીનગર, તા. ૧૩

મતદારયાદી સુધારણા કાર્યક્રમ તારીખ ૧ થી ૩૦ સુધી કાર્યરત છે. જેના માટે ખાસ ઝુંબેશના દિવસો નક્કી કરાયા છે. તારીખ ૧૪, ૨૧, ૨૭ અને ૨૮ના રોજ સવારે ૧૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા દરમિયાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બી.એલ.ઓ.નો સંપર્ક સાંધવો. ઉપરાંત મતદારયાદી સુધારણા મોબાઈલ એપ અથવા ઓનલાઈન માધ્યમથી મતદાર સેવાઓ મેળવી શકાશે. જેના માટે જરૂરી પુરાવા તરીકે આધાર કાર્ડ ઝેરોક્ષ, શાળાની એલ.સી. ઝેરોક્ષ, ઘરના કોઈ એક સભ્યનું ચૂંટણી કાર્ડ ઝેરોક્ષ, પાસપોર્ટ ફોટો સહિત પુરાવા રજુ કરવાના રહેશે. આ સમગ્ર કાર્યક્રમમાં નાગરિકોને જોડાવા માટે ઉર્પલ જોષી ઉપપ્રમુખ કોંગ્રેસ ગાંધીનગર મનપા દ્વારા જણાવાયું છે.

અર્જુન એવોર્ડ વિજેતા સંદીપ નરવાલ ગાંધીનગર સાઈ કેમ્પસના કબડ્ડી તાલીમાર્થી

ગાંધીનગર તા. ૧૩

ભારતના ખેલાડીઓને આજે રાષ્ટ્રપતિના હસ્તે વિવિધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે જેમાં ભારતીય કબડ્ડી ટીમના જાણીતા ખેલાડી સંદીપ નરવાલને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંદીપ નરવાલ ગાંધીનગર ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વર્ષ ૨૦૦૯થી નિયમિત શિસ્તબદ્ધ તાલીમાર્થી છે.

અર્જુન એવોર્ડથી સન્માનિત અર્જુન એવોર્ડથી સન્માનિત સંદીપ નરવાલે વર્ષ ૨૦૦૯થી ગાંધીનગર સાઈ કેમ્પસને જાણે પોતાનું ઘર બનાવી દીધું છે અને સાઈના સાઈ નેશનલ સેન્ટર ફોર એક્સેલન્સના જાણીતા કબડ્ડી કોચ જયવીર શર્મા પાસેથી અંગત તાલીમ મેળવી રહ્યાં છે. ભારતીય કબડ્ડી ટીમમાં

યશસ્વી પ્રદર્શન સાથે પોતાની કારકિર્દીમાં તેમણે વર્ષ ૨૦૧૬માં ઉજ્જી કબડ્ડી કપ ટુર્નામેન્ટ જે અમદાવાદ ખાતે રમાઈ હતી તેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો તે ઉપરાંત ભારતમાં યોજાયેલ સાફ-૨૦૧૬ ટૂર્નામેન્ટમાં સુવર્ણ ચંદ્રક, ઈરાન ખાતે એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપ ૨૦૧૭ માં ગોલ્ડ મેડલ, વર્ષ ૨૦૧૮માં જાકાર્તા ખાતે ૧૮મી એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ, ઉજ્જી જુનિયર એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપ મલેશિયામાં ૨૦૧૧માં યોજાઈ હતી તે સહિત અનેક વખત રાષ્ટ્રીય ચંદ્રક હાંસલ કર્યા છે. તેઓ પ્રો કબડ્ડીમાં પણ યશસ્વી પ્રદર્શન કરી લોકપ્રિયતા હાંસલ કરી ચુક્યાં છે. સંદીપ નરવાલને અર્જુન એવોર્ડ તરીકે સન્માનિત કરાતા સમગ્ર ગાંધીનગર સાઈ કેમ્પસ સહિત શહેરના રમતગમત ક્ષેત્રે આનંદની લાગણી પ્રસરવા પામી છે.

સેક્ટર-૭ ખાતે નિઃશુલ્ક વિન્ટર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ તથા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના સહયોગથી સે. ૭ ખાતે નિઃશુલ્ક વિન્ટર કેમ્પ યોજાશે. જે તારીખ ૧૬ થી ૨૧ દરમિયાન સાંજે ૪ થી ૬ વાગ્યે ભારતમાતાના મંદિર ખાતે વિન્ટર કેમ્પનું આયોજન કર્યુ છે. આ કેમ્પ દરમિયાન સેલ્ફ ડિફેન્સ, વેપન ટ્રેનિંગ, યોગ સ્કેટીંગ, ગન શુટિંગ અને શારીરિક-માનસિક ફિટનેસની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

પ.પૂ. શ્રી જલારામબાપાની ૨૨૨મી જન્મજયંતિ નિમિત્તે શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે છાપરા વસાહતમાં રહેતા જરૂરીયાતમંદ પરિવારની દીકરીઓને પૂર્વ શિક્ષણમંત્રીના હસ્તે ઉપહાર આપવામાં આવ્યા હતા.

આજે અખિલ ભારતીય ક્ષત્રિય સેવાદળના કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૩

અખિલ ભારતીય ક્ષત્રિય સેવાદળના કાર્યાલયની શુભ શરૂઆત આજે બપોરે ૨.૩૦ વાગે પ્રદેશ કાર્યાલય ગાંધીનગર ખાતે રાખેલ છે. આ સંગઠનના પ્રદેશ કાર્યાલયના શુભ શરૂઆત પ્રસંગે સર્વે રાજપૂતને પધારવા પ્રદેશ કમિટી તરફથી ભાવભર્યુ આમંત્રણ પાઠવેલ છે. પ્રદેશ કાર્યાલય ૨૩૩, શ્રી સ્કવેર બીજે માળ, પેથાપુર ચોકડી ખાતે છે. સમસ્ત અખિલ ભારતીય ક્ષત્રિય સેવાદળ પ્રદેશ કમિટી દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સર્વે રાજપૂતને ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'સાયન્સ ટેલેન્ટ વર્કશોપ'નું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'સાયન્સ ટેલેન્ડ વર્કશોપ'નું આયોજન કરેલ છે. જે તારીખ ૧૬ થી ૧૮ ના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર બ્લોક નંબર ૬૧/૧, ઘ-ટાઈપ, સે. ૨૩ ખાતે યોજાશે. વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન પોતાની રજાઓ ટી.વી., મોબાઈલ, ફિલ્મો વગેરે જેવી બિનજરૂરી પ્રવૃત્તિમાં ન વેડફી દે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં મોડેલ રોકેટરી વર્કશોપ, હાયડ્રોપોનીક્સ વર્કશોપ, એરો-મોડલીંગ વર્કશોપ, વૈજ્ઞાનિક રમકડાં બનાવવાનો વર્કશોપ જેવા જુદા જુદા તજજ્ઞો દ્વારા વિવિધ પ્રકારના મોડેલ બનાવતા શીખવવામાં આવશે. આ વર્કશોપમાં ૧૦ થી ૧૫ વર્ષના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ વર્કશોપમાં જોડાવવા માટે વોટ્સેપ નંબર ૮૭૯૯૦૪૬૧૬૩ નંબર પર નામ, ધોરણ અને શાળાનું નામ લખીને રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. વર્કશોપમાં કમ્પાસ બોક્સ, કાતર, પાણીની બોટલ સાથે લાવવાની રહેશે. બીજી સામગ્રી ત્યાંથી આપવામાં આવશે.

વધુ માહિતી માટે ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પરમાર નટવરલાલ મગનલાલ,** ઉ.વ.૭૦, સેક્ટર-૨૪
- **સ્વ.તાંબે માણેકરાવ વિરાજી,** ઉ.વ.૬૪, સેક્ટર-૨૫
- **સ્વ.સોલંકી કાન્તાબેન ખેમચંતભાઈ,** ઉ.વ.૭૧, સેક્ટર-૨૪
- **સ્વ.ચૌહાણ શારદાબેન જશવંતભાઈ,** ઉ.વ. ૬૦, સેક્ટર-૨૭

શહેરના માર્ગો પર અડચણરૂપ થતા વાહનચાલકો સામે કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૩

શહેરના માર્ગો પર ગમે ત્યાં પાર્ક કરતા અને મુસાફરોના જીવ ઝોખમાય તે રીતે રીક્ષા હંકારતા ચાલકો સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના અક્ષરધામ અને ઘ-૩ સર્કલ પાસે બેફામગતિએ રીક્ષા હંકારતા ત્રણ ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક સમયથી પાટનગરમાં વાહનોની સંખ્યા વધી ગઈ છે. શહેરમાં ઘરે ઘરે ગાડીઓ તેમજ ટુ-વ્હીલર વાહનો જોવા મળે છે. શહેરમાં વાહનોની સંખ્યા વધતા પાર્કિંગની પણ સમસ્યા વધી ગઈ છે. વાહન માલિકો આડેધડ વાહનો પાર્ક કરી દેતા હોય છે.જેને પગલે અન્ય વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામાનો કરવો પડે છે. સેકટર-૧૧, સેકટર-૨૧, સેકટર-૨૪, ઘ-૨ પાસે વાહનનો ખડકલો જોવા મળે છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા પણ માર્ગો પર અડચણ રૂપ હોય તેવા વાહન માલિકો સામે કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે શહેરના અક્ષરધામ અને ઘ-૩ સર્કલ પાસે અન્ય વાહન ચાલકોને અગવડતા પડે અને અન્ય મુસાફરોનો જીવ ઝોખમાય તે રીતે રીક્ષા હંકારતા ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. જેને પગલે રીક્ષા ચાલકોમાં ફફળાટ ફેલાયો છે.

ગાંધીનગર સાહિત્ય સભા દીપોત્સવી અંક 'શબદ' અને 'કાયદા કાનૂન' પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સતત બીજા વર્ષે દીપોત્સવી અંક 'શબદ' અને 'કાયદા કાનૂન' પુસ્તક વિમોચનાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગર સાહિત્ય સભા છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગર ખાતે સાહિત્યની પ્રવૃત્તિઓ ચલાવે છે. ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો માટે સ્નેહમિલન સાથે બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભાના દીપોત્સવી અંક 'શબદ' અને ગાંધીનગર સાહિત્ય સભાના કારોબારી સભ્ય અશ્વિન ત્રિવેદીના પુસ્તક 'કાયદા કાનૂન' પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા અને ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાના વરદહસ્તે બન્ને પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાતે સ્વાગત ઉદ્‌બોધન, ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ અને મહામંત્રી રમેશ ઠક્કર તેમજ કારોબારી સભ્ય કવિ પ્રતાપસિંહ ડાભી અને રમણભાઈ વાઘેલા દ્વારા આ દીપોત્સવની અંકનું સંપાદન કાર્ય થયુ છે. જ્યારે મુખ્ય સંપાદક તરીકે કવિ કિશોર જિકાદરાએ સેવા આપી છે. જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાએ કવિઓ અને સાહિત્યકારો વિશે માહિતી આપી હતી. જેમાં નર્મદને સર્વશ્રેષ્ઠ ગણાવ્યા હતા. ગુજરાત સાહિત્યસભામાં યુવાવર્ગને જોડાવું જોઈએ તથા આજના સમયમાં મોબાઈલમાં બધા સૌથી વધારે રચ્યાપચ્યા રહેતા હોય છે. તે અંગે માર્ગદર્શન આપતા કહ્યું હતું કે નવી ટેકનોલોજીને કારણે નવી પેઢી સાહિત્યનું વાંચન કરવાનું ભુલી રહી છે જે યોગ્ય નથી. સાહિત્યનું વાંચન ખૂબ જરૂરી છે. આમ ઘણીબધી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું તથા અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યુ હતું કે આજે સમાજમાં સંવેદના ઘસાતી જાય છે તેનું કારણ છે સાહિત્યનું વાંચન ઓછું થયું છે અને લોકભોગ્ય સાહિત્યની ઉણપ સર્જાય છે. વધુમાં વધુ સાહિત્યનું વાંચન કરવામાં આવે તે માટે મેસેજ આપ્યો હતો. ગાંધીનગરમાં દર અઠવાડિયે ૨ પુસ્તકોનું વિમોચન થાય છે તે ગાંધીનગરની વિશેષતા છે. ગાંધીનગરના સર્જકો ગુજરાતી સાહિત્યની પ્રથમ હરોળમાં બેસે છે એનું ગૌરવ પણ છે. સાહિત્યસભાની પ્રવૃત્તિને લાખ લાખ અભિંદન છે અને સાથોસાથ જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદીને બે પુસ્તકોના પ્રાગટ્ય સમયે અઢળક શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાત સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાત અને એડવોકેટ અશ્વિન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કલ્પેશ પટેલે કર્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ મિષ્ટાન્ન સહિત પ્રિતી ભોજનનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં શંકરસિંહ ગોહિલ (બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન), કનૈયાલાલ પંડ્યા (ગુજરાત બ્રહ્મસમાજના અગ્રણી), હેમા ભટ્ટ (કોર્પોરેટર), શૈલા ત્રિવેદી (કોર્પોરેટર), છાયા ત્રિવેદી (કોર્પોરેટર) ઉપસ્થિત રહ્યા હતા.

વાવોલ હનીટ્રેપ પ્રકરણમાં વધુ બે આરોપીની ધરપકડ

ગાંધીનગર,તા.૧૩

અમદાવાદના વેપારી સાથે મિત્રતા કેળવીને વાવોલના ભાડાના ઘરમાં મળવા માટે બોલાવી ખંડણીની માંગ કરનારી ટોળકીને પોલીસે શોધી કાઢી છે. વેપારીને પ્રેમભરી વાતોમાં ફસાવીને મળવા માટે બોલાવનારી યુવતિને પોલીસે રાજસ્થાનથી પકડી પાડી છે. ત્યારે આ હનીટ્રેપ ષડયંત્રમાં વધુ બે આરોપીને પોલીસે પકડી પાડી રિમાન્ડ મેળવી વધુ પુછપરછ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ વેજલપુર ખાતે રહેતા અને ડેરી પાર્લર ચલાવતા મહેન્દ્રસિંહ સિસોદીયાને ઈન્સ્ટ્રાગ્રામ દ્વારા હીના રાવ નામની યુવતિ સાથે મિત્રતા બંધાઈ હતી. હિનાએ મહેન્દ્રને વાવોલ સ્વર્ણીમ પેરેડાઈઝ સોસાયટી મકાન ખાતે મળવા માટે બોલાવ્યો હતો. યુવતિની વાતચીતમાં મહેન્દ્ર ભરમાઈ ગયો હતો. જેથી હિનાએ મહેન્દ્રને ગત તા.૨૫ ઓકટોબરના રોજ મળવા માટે બોલાવ્યો હતો. હિના સાથે ઘરમાં ગયા પછી ગણતરીના સમયમાં અન્ય શખ્સો ધસી આવ્યા હતા. તેઓએ મહેન્દ્ર માર મારી કારની ચાવી, મોબાઈલ અને રોકડ પડાવી લીધી હતી. ત્યારબાદ હિના સાથે બળજબરી કરી હોવાનું કહી કેસમાં કરવાની ધમકી આપી તેને રૂમમાં બંધ કરી દીધો હતો. જયારે કેસ થી બચવુ હોય તો રૂ.૫ લાખની માંગ કરી હતી. મહેન્દ્રના ભાઈ તેજેન્દ્રને વિક્રમસિંહ ચૌહાણ નામની પોલીસની ઓળખ આપી હતી. તેમ છતા રૂપીયા ન મળતા વેપારીને રૂમમાં પુરી રાખ્યો હતો. ત્યારે સેકટર-૭ પોલીસની ટીમે આ અંગે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મોબાઈલના સીડીઆર, તેમજ બેંક એકાઉન્ટ ડિટેઈલ્સ મેળવતા હીના રાવનું સાચુ નામ હિના પ્રહલાદભાઈ રાણાવત હોવાનુ સામે આવ્યું છે.જયારે તે રાજસ્થાનના બાસવાડા ખાતે તેની સાસરી છે.અને પતિ પ્રહલાદ રાણાવત કુવૈત ગયો છે. ફેસબુકના માધ્યમ થી તેનો પરિચય સ્વર્ણીમ પેરેડાઈઝ ખાતે રહેતા અરવિંદસિંગ સાથે થયો હતો. બંનેએ યુ ટયુબ ચેનલ બનાવી રૂપીયા કમાવવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ તે પ્લાન નિષ્ફળ રહેતા હિનાએ મહેન્દ્રને ફસાવ્યો હતો. અરવિદસિંગના પ્લાન મુજબ હિના તેમજ દિનેશે ખંડણીનું કાવતરુ રચ્યુ હતું. જયારે ડુંગરપુરના રહેવાસી અરવિંદે જ પોલીસ કર્મચારી વિક્રમસિંહ ચૌહાણ તરીકે ધમકી આપી હોવાનું ધ્યાને આવ્યું છે. હિનાને સંતાનમાં બે બાળકો છે,જે તેના સાસુ સસરા સાથે રહે છે. જયારે હિનાને રાજસ્થાનથી પકડી પાડી હતી.

ત્યારબાદ અન્ય આરોપીઓની પણ પોલીસ શોધખોળ કરી રહી હતી. તે દરમિયાન સેકટર-૭ પોલીસે હનીટ્રેપ પ્રકરણમાં પોલીસ તરીકેની ખોટી ઓળખ આપનાર અરવિંદસિંગ ગંભીરસિંહ રાવ (રહે. વોર્ડ નં.-૨ ગરડા ગામ, પોસ્ટ ધાવડી થાના દોવડા, તાજી.ડુંગરપુર)અને પપ્પુસિંહ રાજપુતને પકડી પાડ્યા છે. પોલીસે તેઓની પાસેથી મોબાઈલ ફોન પણ કબ્જે કર્યો છે. પોલીસે આરોપીઓના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.